| તાજેતરનો<br>પાસપોર્ટ<br>સાઇઝનો<br>ફોટો<br>ચોંટાડવો. |
|---|

GUJARAT STATE LALIT KALA ACADEMY

**વિદેશ/રાજય બહાર કલા પ્રદર્શન યોજવામાટે સહાય મેળવવાનું અરજી પત્રક**

**(ખાસ નોંધ:- અરજીના તમામ કોલમમાં પૂર્ણ વિગત ભરવી ફરજિયાત છે. અધુરી વિગતો વાળી અરજી દફતરે કરવામાં આવશે.)**

| ક્રમ | વિગત | કલાકાર દ્વારા ભરવાની રહેતી વિગત | |
|---|---|---|---|
| ૧ | કલાકારનું પુરુ નામ | | |
| ૨ | ક્ષેત્ર ( ચિત્રકલા / છબિકલા / શિલ્પકલા – જે લાગુ પડતુ હોય તે સામે લખવુ) | | |
| 3 | સરનામું અને મોબાઇલ નંબર વ્હોટસએપ નંબર વાળો જ લખવાનો રહેશે. | | |
| ૪ | જન્મ તારીખ<br>(આધાર કાર્ડની નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે.) | જન્મ તારીખ:- | |
| | | સ્થળ:- | |
| | | ગામ:- | |
| | | તાલુકો:- | |
| | | જિલ્લો:- | |
| | | રાજય:- | |
| ૫ | કલા સંસ્થા / કલા વૃંદનું નામ , સરનામું | કલા સંસ્થા / કલા વૃંદનું નામ | |
| | | સરનામું | |
| ૬ | કલા સંસ્થાની સ્થાપનાનું સ્થળ, તારીખ અને પ્રવૃતિઓનોટુંકો અહેવાલ અથવા ગૃપનું નામ, સ્થાપનાનું સ્થળ,સરનામું, તારીખ, પ્રવૃતિઓની વિગત. | | |
| ૭ | કલાકાર/કલાકારોનો હાલના વ્યવસાયનું સ્થળ અને સરનામું | | |
| ૮ | કલાકાર/કલાકારોની અભ્યાસની વિગત | (see below) | |

| સ્થળ | વર્ષ | અભ્યાસની વિગત |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

<table>
<tr><td>૯</td><td>કલાના ક્ષેત્રમાં શૈક્ષણીક લાયકાત ન ધરાવતા હો તો કલાના ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ</td><td colspan="2"></td></tr>
<tr><td>૧૦</td><td>કોઇ સંસ્થા અથવા વ્યક્તિ પાસેથી લીધેલી તાલીમનો અહેવાલ</td><td colspan="2"></td></tr>
<tr><td>૧૧</td><td>વૈયક્તિક/સામુહીકપ્રદર્શનોયોજયા હોય તો તેની વિગતો<br>(જરુરજણાયેઅલગ કાગળ પર વિગતો લખવી)</td><td colspan="2">કયાં અને કેટલા સોલો અને ગૃપ શો યોજયા છે? તેની વિગતો. (વર્ષ સહીત)</td></tr>
<tr><td>૧૨</td><td>આ યોજના અંતર્ગત અકાદમી તરફથી અગાઉ કેટલી વખત નાણાકીય સહાય મળેલ છે? તેના વર્ષ, પ્રદર્શન સ્થળની વિગતો</td><td colspan="2">કેટલી વખત નાણાકીય સહાય મળેલ છે?- ..............<br>વિદેશ/રાજય બહાર યોજેલ પ્રદર્શનની વિગતો(તારીખ, વર્ષ અને સ્થળ સહીત)<br><table><tr><th>ક્રમ</th><th>સહાય લીધેલ વર્ષ</th><th>તારીખ</th><th>ગેલેરીનું નામ અને સ્થળ</th></tr><tr><td></td><td></td><td></td><td></td></tr><tr><td></td><td></td><td></td><td></td></tr><tr><td></td><td></td><td></td><td></td></tr><tr><td></td><td></td><td></td><td></td></tr></table></td></tr>
<tr><td>૧૩</td><td>જયાં પ્રિવ્યુ શો યોજવાનો હોય તે પ્રસ્થાપિત આર્ટ ગેલેરીનું નામ અને સ્થળની વિગત.</td><td colspan="2"></td></tr>
<tr><td rowspan="2">૧૪</td><td rowspan="2">જયાં રાજય બહાર/વિદેશમાં પ્રદર્શન કરવા ઇચ્છતા હોય તે સ્થળનું નામ, સરનામું, અને પ્રદર્શન સ્થળનાબુકીંગના નાણાં ભર્યાનીપહોચની નકલ અથવા કન્ફર્મેશનલેટરની નકલ રજુ કરવી ફરજીયાત છે.</td><td>પ્રદર્શન કરવા ઇચ્છતા હોય તે ગેલેરીનુંનામ, સરનામું.</td><td></td></tr>
<tr><td>જયાં ગેલેરીબુકીંગકરાવેલ હોય તેના ટેલિફોન/મોબાઇલ નંબર</td><td></td></tr>
<tr><td>૧૫</td><td>પ્રદર્શનમાં રજુ થનાર તમામ કૃતિઓની વિગતો, સાઇઝ, માધ્યમ વગેરે. (અલગ કાગળ અને પેન-ડ્રાઇવમાં પણ રજુ કરવું)</td><td colspan="2"></td></tr>
<tr><td>૧૬</td><td>અન્ય કોઇ જરૂરી વિગતો</td><td colspan="2"></td></tr>
<tr><td>૧૭</td><td>વિદેશમાં પ્રદર્શન યોજવા અંગે કલાકારના પાસપોર્ટની વિગતો તથા તેની નકલ જોડવી</td><td colspan="2"></td></tr>
</table>

| | | |
|---|---|---|
| ૧૮ | કલાકારના અધાર કાર્ડ તથા ચૂંટણી કાર્ડની પ્રમાણિત નકલ ફરજિયાત રજુ કરવી. | આધાર કાર્ડ નંબરઃ- ..........................................................................<br>ચૂંટણી કાર્ડ નંબરઃ- .......................................................................... |

ગુજરાતના કલાકારોને વિદેશમાં/રાજય બહાર પદર્શનયોજવા સહાય અંગેની શરતો/જોગવાઇઓ.

| ક્રમ | શરતો/જોગવાઇઓ |
|---|---|
| ૧ | આ યોજના અંતર્ગત ગુજરાતના ચિત્રકલા,શિલ્પકલા, ગ્રાફીકકલા અને છબીકલાના કલાકારોને રાજયબહાર/વિદેશમાં પ્રદર્શન યોજવા સહાય આપવામાં આવશે. |
| ૨ | આ યોજના અંતર્ગત સહાય મેળવવા માટે નિયત નમુનાનુ અરજીપત્રક gujaratstatelalitkalaacademy.com વેબસાઇટ પરથી મેળવી લેવાનું રહેશે. સહાય મેળવવા અંગેની અરજી ચાલુ નાણાકીય વર્ષમાં તા.૧૪/૦૬/૨૦૨૬ સુધીમાં કરવાની રહેશે. નિયત તારીખ પછી મળેલ અરજી ઉપર વિચારણા કરવાનો અધિકાર કમિટીને રહેશે. |
| ૩ | આ યોજના માટે સામાન્ય રીતે ત્રણ થી પાંચ વૈયક્તિક કલા પ્રદર્શન અથવા પાંચ થી આઠ સામુહિક કલા પ્રદર્શન પ્રસ્થાપિત આર્ટ ગેલેરીમાં યોજયા હશે તે આ યોજના માટે આર્થિક સહાય મેળવવા માટે પાત્ર થશે. અરજી સાથે આવા પ્રદર્શનો ક્યાં યોજયા તેની વિગતો અને પુરાવા જેવા કે ગેલેરીભાડું, આમંત્રણ કાર્ડ, દૈનિકપત્રમાં આવેલ ન્યૂઝ જેવા પુરાવાઓ રજૂ કરવાના રહેશે. |
| ૪ | અરજી પત્રક સાથે વિદેશ/રાજ્ય બહારની આર્ટ ગેલેરી આરક્ષિત કરાવ્યા અંગેનો સંમતિપત્ર/પૈસા ભર્યાની રસીદ અથવા અન્ય પુરાવા અરજી સાથે જોડવાના રહેશે. અન્યથા અરજી દફતરે કરવામાં આવશે. |
| ૫ | અરજી કરનાર કલાકાર / કલા સંસ્થાએ પ્રદર્શનમાં રજૂ થનાર તમામ કલાકૃતિઓના (ઓછામાં ઓછા ત્રીસ) ૫x૭ – ૮x૧૦ ઇંચ સાઈઝના ગ્લોસી પેપર ઉપર છાપેલા રંગીન ફોટોગ્રાફસ આલ્બમ સાથે અસલમાં અને તમામ કૃતિઓની સાઈઝ તથા ટાઈટલ દર્શાવતી પેનડ્રાઇવ તથા તમામ કલાકારોના બાયોડેટા રજુ કરવાના રહેશે. આ પેન ડ્રાઇવ તથા કોટોગ્રાફસ પરત કરવામાં આવશે નહીં. તથા તમામ ફોટોની પાછળ આ કૃતિ તમારા દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તે મતલબની નોંધ કરવાની રહેશે. |
| ૬ | યોજેલ પ્રદર્શનના ખર્ચની વિગતોમાં કલાકારે દરેક ચુકવણીની સામે નિયમાનુસારના ફકત અસલ બિલો લલિતકલા અકાદમીમાં જમા કરવવાના રહેશે. કોઇ પણ પ્રકારના વાઉચર કે પેટ્રોલ, ડિઝલના બિલોનું ચુકવણું કરવામાં આવશે નહીં. |
| ૭ | આ યોજના હેઠળ જે કલાકારોને સહાય મંજુર કરવામાં આવશે તે કલાકારોએ આ સહાયમાંથી કુલ બે પ્રદર્શનો યોજવાના રહેશે. તે પૈકી પ્રથમ પ્રદર્શન રાજયમાં યોજવાનું રહેશે. અને ત્યાર બાદ જ વિદેશમાં /રાજ્ય બહાર પ્રદર્શન યોજવાનું રહેશે. અને તે માટે સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવવાની રહેશે. રાજ્ય બહાર પ્રદર્શન માટે સરકાર ઈચ્છશે તો સરકારશ્રીના પ્રતિનીધીને પણ સાથે લઈ જવાના રહેશે. |
| ૮ | કલા પ્રદર્શનની જાહેરાત, નિમંત્રણ કાર્ડ તથા કેટલોગ તેમજ બેનર જેવા પેઇડ પ્રચાર સાહિત્યમાં આ કલાપ્રદર્શન ગુજરાત રાજય લલિતકલા અકાદમીના સ્પોન્સરશીપથી પ્રદર્શિત કરેલ છે. તેવું લખાણ કરવું ફરજિયાત રહેશે. આ ભાબતનો ઉલ્લેખ બ્રોશર, જાહેરખબર, પ્રચાર માધ્યમો તેમજ પ્રદર્શન સ્થળે અગ્રીમસ્થાન પર રાખવાનું રહેશે. અન્યથા સહાય ચુકવવામાં આવશે નહીં. |
| ૯ | કોઈપણ કલાકારને પ્રદર્શન દરમ્યાન કોઇપણ પ્રકારની બિમારી / અકસ્માતને લીધે જરૂરી તબીબી સુવિધાઓ અકાદમી દ્વારા પુરી પાડવામાં આવશે નહીં. |

<table>
<tr><td>૧૦</td><td>સહાય મંજુર થયેથી કલાકાર પ્રદર્શનના હેતુસર જે ખર્ચ કરે તે કરકસરયુકત લલિત કલા અકાદમી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ કરવાનો રહેશે. યોજેલ કલા પ્રદર્શનનું ડૉક્યુમેન્ટેશન (પેન-ડ્રાઇવ તથા તમામ કૃતિઓના ડિસપ્લે સાથેના અસલ ફોટોગ્રાફસ) કરી તેની એક કોપી લલિત કલા અકાદમીને આપવાની રહેશે.</td></tr>
<tr><td>૧૧</td><td>વિદેશમાં કલા પ્રદર્શન યોજવા માટે ફકત વૈયક્તિક પ્રદર્શન માટે જ સહાય મંજુર કરવામાં આવશે અને ફકત કલાકારનો જ ખર્ચ મંજુર કરવામાં આવશે.</td></tr>
<tr><td>૧૨</td><td>વિદેશ/રાજ્ય બહાર પ્રદર્શન યોજવા માટે સહાય સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ બ્રેકઅપ મુજબ જ ચુકવવામાં આવશે. જે નીચે મુજબ છે. વિદેશમાં પ્રદર્શનના આયોજન માટે નિયત બ્રેક અપ મુજબ રૂ.૨.૦૦ લાખ ઉપરાંત કલાકારને હવાઇ મુસાફરી માટે ઇકોનોમી કલાસની ટિકિટનું ભાડું, વિઝા ચાર્જ અને કલાકારની ક્લા-કૃતિઓનો વિમાની રકમ નિયમોનુસાર મળવા પાત્ર થશે.
<table>
<tr><th>ક્રમ</th><th>આઇટમ</th><th>અધિકત્તમમંજુરકરવાપાત્ર ખર્ચ</th></tr>
<tr><td>૧</td><td>ગેલેરી ભાડું અને વીજળી ખર્ચ</td><td>રૂ.૩૦,૦૦૦/-</td></tr>
<tr><td>૨</td><td>કલાકૃતિઓનુંટ્રાન્સપોર્ટેશન ખર્ચ</td><td>રૂ.૩૦,૦૦૦/-</td></tr>
<tr><td>૩</td><td>કલાકૃતિઓનુંકેટલોગપબ્લીકેશન અને પ્રિન્ટીંગ ખર્ચ</td><td>રૂ.૪૦,૦૦૦/-</td></tr>
<tr><td>૪</td><td>કલાકૃતિઓનો વીમો, ફ્રેમીંગ અને પેકીંગ ખર્ચ</td><td>રૂ.૪૦,૦૦૦/-</td></tr>
<tr><td>૫</td><td>પ્રદર્શન ઉદઘાટન સમારંભ, પ્રચાર, જાહેરાત ખર્ચ</td><td>રૂ.૩૦,૦૦૦/-</td></tr>
<tr><td>૬</td><td>કલાકારોના નિવાસ, પ્રવાસ, ભોજન, લોકલ ટ્રાન્સપોર્ટેશન તથા પરચૂરણ ખર્ચ</td><td>રૂ.૩૦,૦૦૦/-</td></tr>
<tr><td></td><td>મળવા પાત્ર મહત્તમ સહાયની રકમ</td><td>રૂ.૨,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td colspan="3">[નોંધ:- (એક આઇટમમાં થયેલ ઓછો ખર્ચ બીજી આઇટમમાં સરભર કરવામાં આવશે નહીં)</td></tr>
</table></td></tr>
<tr><td>૧૩</td><td>આ યોજના અંતર્ગત કલાકારને કુલ ચાર વાર (ત્રણ વાર રાજ્ય બહાર અને એકવાર વિદેશમાં) લાભ મળવાપાત્ર થશે.</td></tr>
<tr><td>૧૪</td><td>પ્રદર્શન યોજવા સહાય મેળવવા કરેલ અરજી મુજબ જે સ્થળ અને તારીખોએ પ્રદર્શન યોજવાની મંજુરી આપવામાં આવેલ હોય તે સ્થળે અને તારીખોએ જ પ્રદર્શન યોજવાનું રહેશે. આ કચેરીની પૂર્વ મંજુરી વગર તેમાં થતો ફેરફાર સહાય મેળવવાને પાત્ર રહેશે નહીં. તેમજ આવા ફેરફાર માટે ગેલેરી ફાળવણી પત્ર સહીત લેખિતમાં અરજી રજુ કરી મંજૂરી મેળવવાની રહેશે.</td></tr>
<tr><td>૧૫</td><td>અરજીપત્રક સાથે કલાકારે આધારકાર્ડ અને ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ નકલ સામેલ રાખવી ફરજીયાત રહેશે.</td></tr>
<tr><td>૧૬</td><td>આ યોજના અંતર્ગત સહાય મંજુર થયાની જાણ થયા બાદ ચાલુ નાણાકીય વર્ષમાં ૧૫ માર્ચ પહેલા પ્રદર્શન યોજી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ક્રમ-૧૨માં જણાવેલ બ્રેક-અપ મુજબ બિલો પ્રમાણિત કરાવી સી.એ.રીપોર્ટ સહીત બિલો અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા મંજૂરી રદ થવાને પાત્ર થશે.</td></tr>
<tr><td>૧૭</td><td>કલાકારે પોતે જ પ્રદર્શન કરવાનું રહેશે અને તેના પુરાવા રૂપે ઉદઘાટન સમયે કલાકારની હાજરી હોવાના ફોટોગ્રાફ રજુ કરવાનો રહેશે. કલાકાર વતી અન્ય દ્વારા કરવામાં આવેલ પ્રદર્શનની સહાયનું ચુકવણું કરવામાં આવશે નહીં.</td></tr>
</table>

| આ ઉપરાંત પસંદગી સમિતિએ અગાઉ લીધેલ નિર્ણય મુજબ | |
|---|---|
| ૧૮ | રાજ્ય બહાર/વિદેશમાં કલા પ્રદર્શન યોજવા અન્વયે કમિટીની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય કોઈ કલાકાર મંજુરીની અપેક્ષાએ પ્રદર્શન યોજશે તો આવા પ્રદર્શન માટે સહાય મળવાપાત્ર થશે નહીં. |

| | |
|---|---|
| ૧૯ | આ યોજના અંતર્ગત પ્રદર્શન યોજતા કલાકારે ઓછામાં ઓછી ૩૦(ત્રીસ) કૃતિઓ પ્રદર્શિત કરવાની રહેશે. ઉક્ત તમામ નિયમોની જોગવાઈમાં છુટછાટ આપવાની સત્તા કલાકારોની પસંદગી માટે નિયત કરવામાં આવેલ સમિતિને રહેશે. અને આ અંગે કોઈ વિવાદ ઉપસ્થિત કરી શકાશે નહીં |
| ૨૦ | પ્રદર્શન સહાય મેળવવા માટે કલાકાર દ્વારા નીચે મુજબની વિગતો રજુ કર્યા બાદ સહાયની ખરેખર મળવાપાત્ર રકમ ચુકવવામાં આવશે. |

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | અરજી |
| ૨ | બાંહેધરી પત્ર |
| ૩ | રાજય બહાર / વિદેશમાં પ્રદર્શન અંગે કલાકારનો અહેવાલ |
| ૪ | પેનડ્રાઇવ |
| ૫ | કેન્સલ ચેક |
| ૬ | આમંત્રણ કાર્ડ (૦૨ કોપી લોકલ)<br>આમંત્રણ કાર્ડ (૦૨ કોપી વિદેશ/રા.બ.) |
| ૭ | કેટલોગ (૦૨ નંગ) |
| ૮ | ઉદઘાટન ફોટોગ્રાફ- લોકલ અને વિદેશ/રાજય બહાર બન્ને ના.<br>૧૦ નંગ અસલમાં<br>(કલાકારની ઉદઘાટન સમયે હાજરી હોવાના ફોટોગ્રાફ સહીત) |
| ૯ | ન્યુઝ પેપર કટીંગ (બન્ને) |
| ૧૦ | સી.એ. રિપોર્ટ (બિલોની વિગતો સાથે) |
| ૧૧ | અસલ બિલો |
| ૧૨ | બેનર (બન્ને) |

આથી હું.......................................................................................બાંહેધરી આપુ છુ કે આ યોજનાના તમામ નિયમો મેં વાંચ્યા છે જે મને બંધનકર્તા છે તથા આ યોજનાના નિયમોનું અર્થઘટન રાજ્ય સરકારશ્રી દ્વારા જે કરવામાં આવશે તે મને બંધનકર્તા છે. તથા આ યોજના અંતર્ગત રાજય બહાર પ્રદર્શન યોજવા આ અગાઉ બે થી વધુ વખત વૈયક્તિક/સામુહીક કલા પ્રદર્શન યોજવા સહાય મે મેળવેલ નથી તથા વિદેશમાં પ્રદર્શન યોજવા અગાઉ સહાય મેળવેલ નથી. તેમાં કસુર થયેથી મારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. અરજી પત્રકમાં મેં રજુ કરેલ વિગતો મારી જાણ મુજબ સાચી છે.

સ્થળ:- કલાકારની સહી:-

તારીખ:- કલાકારનું નામ:-